**ક્રિમીનલ કેસ નં.૨૦૦૦૭૪/૨૦૦૪**

(૧) હાલની ફરીયાદ ફરિયાદીએ આરોપી વિરુધ્ધ **કંપની એકટ, ૧૯૫૬ ની કલમ ૧૩ તથા ૧૭** ના ઉલ્લંઘન કર્યા મુજબની દાખલ કરેલ છે જે અન્વયે આરોપીને સમન્સ કાઢતા હાજર થયેલ છે અને આરોપીને ફરીયાદની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની કબુલાત પુરસીસ તેઓએ અદાલત સમક્ષ રજુ કરેલ છે. જે નોંધી આરોપીની ગુના સબબ પ્લી લેવામાં આવેલ છે. આરોપીને તેમના વિરુધ્ધના ગુનાની સજાની જોગવાઈ જણાવતા તેઓએ તે ધ્યાને લઈ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરવા માંગે છે તેવું જણાવેલ. આરોપી હાજર છે અને તેઓની કબુલાત સ્વેચ્છાપુર્વકની હોય કબુલાત પુરસીસની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાનમાં લઈ તેમજ આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. વિ.કંપની પ્રોસિકયુટરશ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) ફરીયાદની હકીકત જોતા આરોપી/આરોપીઓને તા.૫/૨/૨૦૦૪ ના રોજ શો–કોઝ નોટીસ આપેલ છે એટલે ત્યારથી ઉલ્લંઘન ગણવામાં આવે તો ફરિયાદ દાખલ થઈ ત્યાં સુધી એટલે કે તા.૨/૬/૨૦૦૪ સુધીનું ઉલ્લંઘન ગણવામાં આવે તો **૧૧૯ દિવસનું** ઉલ્લંઘન ફરિયાદ સુધી જણાય છે. આરોપી ગુનાની કબુલાત કરવા માંગે છે તેમજ આજરોજ નેશનલ લોકઅદાલત/ સ્પેશિયલ સીટીંગ હોઈ આરોપી/આરોપીઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેને વાજબી દંડ કરવો જરૂરી જણાય છે. વધુમાં, મારા પુરોગામી વિ. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીએ અગાઉ અન્ય આરોપીઓની ગુનાની કબુલાત લીધેલ છે. જેથી કેસની હકીકત અને સંજોગોને આધીન તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# **-: હુકમ :-**

**આરોપી નં.૧૩ પ્રકાશ વી. શાહને** ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ હેઠળ **કંપની એકટ, ૧૯૫૬ ની કલમ ૧૩ તથા ૧૭** ના ગુના સબબ તકસીરવાન ઠરાવી**, પ્રત્યેક દિવસના રૂા.૭/- (અંકે રૂપિયા સાત) લેખે ૧૧૯ દિવસના ભંગ બદલ કુલ રૂા.૮૩૩/-(અંકે રૂપિયા આઠસો ત્રેત્રીસ)નો દંડ** કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો આરોપીને **૧૦ (દસ) દિવસની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લો.અ./સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ(સીટી).
(લો.અ./સ્પે.સીટીંગ)

(ડી.એચ.ખંભાતી)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)